ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

નડિયાદના પતંગ બજારમાં રવિવારે પતંગ રસિયાઓનો મહેરામણ ઉમટ્યો : ભાવ વધારા છતાં ગત વર્ષ કરતા વધુ વેચાણની શક્યતા

ચરોતરમાં મોડી રાત સુધી પતંગ બજારો ધમધમતાં રહ્યાં

ખંભાત પછીના સૌથી મોટા પતંગ કેન્દ્રમાં પગ મૂકવાની જગ્યા ન રહી

(પ્રતિનિધિ) નડિયાદ તા.13

ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પતંગોના શહેર તરીકે ઓળખાતા નડિયાદમાં રવિવારની રજાના દિવસે ખરીદીનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો હતો. ઉત્તરાયણ પૂર્વેના આ અંતિમ રવિવારનો લાભ લેવા માટે માત્ર નડિયાદ શહેર જ નહીં, પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને અન્ય જિલ્લાઓમાંથી પણ પતંગ રસિયાઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે મુખ્ય બજારોમાં પગ મૂકવાની પણ જગ્યા રહી નહોતી.

નડિયાદના સલુણ બજાર, અમદાવાદી બજાર અને સંતરામ રોડ પર આવેલા પતંગ બજારમાં સવારથી જ ગ્રાહકોની મોટી મેદની જોવા મળી હતી. આ વર્ષે પતંગોના ભાવમાં થોડો વધારો હોવા છતાં લોકોમાં ઉત્સાહ જરાય ઓછો જણાતો નથી. પતંગબાજોએ ખાસ કરીને ચીલ, પાવલા, અઢી તાવ અને આંખવાળા પતંગોની વિશેષ પસંદગી કરી હતી. જથ્થાબંધ વેપારીઓના મતે, આ અંતિમ રવિવારે ગત વર્ષ કરતા વધુ વેચાણ નોંધાયું છે. પતંગની સાથે ફીરકીઓ અને દોરીના બજારમાં પણ ભારે તેજી જોવા મળી હતી.

નડિયાદની બજારમાં વધી રહેલી ભીડને કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી, તેમ છતાં પતંગના શોખીનોએ કલાકો સુધી ઉભા રહીને પોતાની પસંદગીની વસ્તુઓની ખરીદી કરી હતી. મોડી રાત સુધી ધમધમતા આ બજારમાં ખાણીપીણીની લારીઓ પર પણ ભારે ભીડ જોવા મળી હતી. વેપારીઓએ પણ ગ્રાહકોને આકર્ષવા માટે વિવિધ પ્રકારની સ્કીમો અને અવનવી વેરાયટીઓ બજારમાં મૂકી છે.

માંજો પાવવાના કારીગરોની વ્યસ્તતા વધી

નડિયાદની પ્રખ્યાત માંજો પાવવાની કળાનો લાભ લેવા માટે લોકો વહેલી સવારથી જ દોરી પાવવાના અડ્ડાઓ પર લાઈનો લગાવીને ઉભા રહ્યા હતા. નડિયાદમાં તૈયાર થતી દોરી તેની ધાર અને મજબૂતી માટે જાણીતી હોવાથી કારીગરોએ વધારાના માણસો રાખીને કામગીરી પૂર્ણ કરવી પડી હતી. દોરી પાવવા માટે વપરાતા દેશી કાચ અને લુગદીની બનાવટમાં અહીંના કારીગરોની માસ્ટરી હોવાથી લોકો અગાઉથી ઓર્ડર આપીને પોતાની મનપસંદ દોરી તૈયાર કરાવી રહ્યા છે. રવિવારની રજા હોવાથી પરિવારોએ સ્થળ પર જ ફીરકીઓ ભરાવવાનું કામ પણ પૂર્ણ કર્યું હતું.

ઉત્તરાયણમાં પેચ લડાવવાનો ઉમંગ

પતંગ દોરી સાથે સાથે તલની ચીકી, શેરડી, સહીતની ખાદ્ય ચીજવસ્તુઓ માટે પણ લોકો ઉમટ્યા

(પ્રતિનિધિ) આણંદ તા 13

આણંદ શહેર સહિત જિલ્લાભરના બજારોમાં ઉત્તરાયણના તહેવારને લઈ છેલ્લી ઘડીએ ખરીદીનો રંગ જામ્યો છે. લોકો પતંગના પેચ લડાવવા માટે પતંગ-દોરી સહિતની વસ્તુંઓની ધમાકેદાર ખરીદી માટે જીલ્લાભરના બજારોમાં ઉમટી રહ્યાં છે. ઉત્તરાયણની છેલ્લી ઘડીએ ખરીદી કરવા લોકોની ભારે ભીડ જામી છે. દરેક શહેરોમાં અને મોટા ગ્રામ્ય વિસ્તારોમાં પતંગ અને દોરાની લોકો ખરીદી કરી રહ્યા છે . ઉતરાયણના પર્વને ઉજવવા પતંગ રસિકોમાં ભારે ઉત્સાહ છવાયો છે.

આણંદ જિલ્લામાં તમામ શહેર અને તાલુકામા ઉતરાયણના તહેવારને લઈ મોટા પ્રમાણમાં ખરીદી કરવા માટે ઉત્સાહ જોવા મળ્યો છે. લોકો પતંગના પેચ લડાવવા માટ પતંગ-દોરી સહિતની વસ્તુંઓની ધમાકેદાર ખરીદી કરી રહ્યાં છે. ઉત્તરાયણને લઈ છેલ્લી ઘડીએ ખરીદી કરવા માનવ મહેરામણ ઉમટી પડ્યું છે.

બજારોમાં ઉતરાયણના પર્વને કારણે પતંગ દોરી સાથે સાથે તલની ચીકી, શેરડી, સહીતની ખાદ્ય ચીજવસ્તુઓ માટે પણ લોકોની ભીડ જોવા મળે છે. ઉત્તરાયણને ગણતરીના કલાકો બાકી છે ત્યારે ખરીદી માટે હોડ લાગી છે. દુકાનોમાં પતંગ-દોરીની ખરીદીની માહોલ જામ્યો છે. ઉત્તરાયણની ઉજવણી માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પતંગ બજારમાં પતંગ રસિયાઓ મન મુકીને ખરીદી કરતા જોવા મળ્યાં છે. પતંગરસિકોઓ મન મુકીને પતંગના પેચ લડાવાના મૂડમાં છે. લોકો મોઘવારીને ભુલી મને મુકીને ખરીદી કરતા નજરે પડે છે.

ઊંધિયું-જલેબી માટે બુકિંગ કરાવી દીધાં

આણંદ શહેર સહિત જિલ્લાનાં તમામ નાનાં-મોટાં નગરોમાં ઉત્તરાયણ પહેલાં પતંગરસિયાઓની પતંગ-દોરી ખરીદવા ભારે ભીડ જામી હતી. જેને પગલે છેલ્લા કેટલાક દિવસથી ધીમા ચાલતા વેપારમાં એકદમ તેજી દેખાઇ હતી. બજાર વિસ્તારમાં પતંગ-દોરીની સાથે પીપૂડાં, ટોપી, ગોગલ્સ સહિતની વસ્તુઓની ખરીદી માટે લોકોની ભીડ વધતાં અવારનવાર ટ્રાફિકજામ થયો હતો.જોકે બજારમાં આ વર્ષે વેપારીઓએ દોરી અને પતંગનો પૂરતો સ્ટોક કર્યો હોઇ સોમવારે પણ ખરીદીનો માહોલ જામ્યો હતો. છેલ્લી ઘડીએ દોડાદોડી ન કરવી પડે તે માટે ઊંધિયું-જલેબી માટે એડવાન્સ બુકિંગ કરાવી દીધાં છે. મોટાભાગના વિસ્તારોમાં દોરી પંતગના સ્ટોલ ધૂમ વેચાણ સાથે ધમધમતા જોવા મળ્યા હતા. મંગળવારે પણ પતંગ-દોરીની ઘરાકી રહેવાની વેપારીઓને આશા વ્યક્ત કરી હતી.

મહત્તમ તાપમાન 27 ડિગ્રી સુધી રહેતા ઠંડક અનુભવાશે

આણંદમાં 8 વર્ષ બાદ ઉત્તરાયણ પર્વ પર પવનની ગતિ ધીમી રહેશે

પવનની ઝડપ 12થી 14 કિમી અને દિશા ઉત્તરની રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.13

ચરોતરમાં મકરસંક્રાંતિના પર્વની ઉજવણીને લઈને સમગ્ર પંથકમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પતંગરસિયાઓએ ઉતરાયણ પર આકાશમાં રંગબેરંગી પતંગો ચગાવવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ, આ વર્ષે આઠ વર્ષના લાંબા ગાળા બાદ પવનની ગતિ એકંદરે ધીમી રહેવાની શક્યતા છે. તેમ છતાં, પતંગ ચગાવવામાં શોખીનોને કોઈ ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં.

આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, અગાઉ વર્ષ 2015 પછી મકરસંક્રાંતિએ પતંગ માટે ખૂબ જ અનુકૂળ વાતાવરણ રહ્યું હતું, જેમાં પવનની ઝડપ 20થી 22 કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી. તેની સરખામણીએ આ વર્ષે બુધવારે પવનની ગતિ 12થી 14 કિલોમીટર આસપાસ રહેશે. પવનની દિશા સમગ્ર દિવસ દરમિયાન ઉત્તર તરફની રહેશે, જે પતંગ ચગાવવા માટે યોગ્ય ગણાય છે.

આ વર્ષે વાતાવરણ એકંદરે ચોખ્ખું રહેશે. સામાન્ય રીતે ઉતરાયણના દિવસે મહત્તમ તાપમાન 30 ડિગ્રીને પાર કરી જતું હોય છે, પરંતુ આ વખતે લઘુતમ તાપમાન 12થી 14 ડિગ્રી અને મહત્તમ તાપમાન 25થી 27 ડિગ્રી વચ્ચે રહેશે. આમ, આ વર્ષે પતંગરસિયાઓને આકરી ગરમીના બદલે સામાન્ય ઠંડકભર્યા વાતાવરણમાં તહેવાર માણવા મળશે.

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં પવનની ગતિ ધીમી રહેવાના પગલે પતંગના ખેલૈયાઓને મજા પડી જશે.

કોઠંબામાં બાઈક સ્લીપ થઈ ખીણમાં પડતાં યુવકનું મોત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.13

લુણાવાડાના કોઠંબા નજીક ભંગારવાડા પાસે એક મોટરસાયકલ અચાનક સ્લીપ થઈ જઈ રોડની બાજુમાં આવેલી ખીણમાં ખાબકતા યુવકનું મોત નિપજ્યું હતું.

બોરડી ગામના હાર્દિક બળવંતભાઇ પગી અને ગોવિંદભાઇ ચીમનભાઇ પગી મોટરસાયકલ પર સવાર થઈને કોઠંબા MGVCL કચેરી ખાતે નવા વીજ મીટરની અરજી આપવા જઈ રહ્યા હતા. આ મુસાફરી દરમિયાન ગોવિંદભાઇ પગી મોટરસાયકલ ચલાવી રહ્યા હતા. કોઠંબા ભંગારવાળા નજીક પહોંચતા, ચાલકે બાઈક પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા મોટરસાયકલ અચાનક સ્લીપ ખાઈ ગયું હતું અને નજીકની ખીણમાં જઈ પડ્યું હતું.

આ ભયાવહ અકસ્માતમાં હાર્દિકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે ગોવિંદભાઇને હાથે અને ઢીંચણે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ મારફતે બંનેને તાત્કાલિક કોઠંબા સીએચસીમાં ખસેડાયા હતા. હાર્દિકની સ્થિતિ વધુ ગંભીર જણાતા તેને ગોધરા જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે મૃતકના પિતાએ અકસ્માત સર્જનાર બાઈક ચાલક ગોવિંદભાઇ ચીમનભાઇ પગી વિરુદ્ધ કોઠંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સેવાલિયામાં પતંગો અને ઘરાકીનો માહોલ જામ્યો

ગળતેશ્વરના વડુમથક સેવાલિયા ખાતે ઉતરાયણ પર્વ નિમિત્તે બજારમાં રંગબેરંગી પતંગો અને ફુગ્ગાની ખરીદી માટે આસપાસના ગામડાઓમાંથી લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. પતંગ અને દોરીની ખરીદીમાં ભારે ગરાગી નીકળતા વેપારીઓમાં ખુશી અને રાહતનો દમ જોવા મળ્યો હતો, જ્યારે બાળકો નવા પતંગો જોઈને આનંદિત થઈ નાચી ઉઠ્યા હતા. સેવાલિયા પોલીસ દ્વારા ટ્રાફિક સમસ્યા ન સર્જાય અને ચાઇના દોરીનું વેચાણ ન થાય તે માટે પોલીસ ઇન્સ્પેક્ટર એ.આર. ઝાલાના માર્ગદર્શન હેઠળ સઘન આયોજન કરવામાં આવ્યું છે. તહેવારના આગલા દિવસે બજારમાં જામી રહેલા ઉતરાયણના માહોલમાં લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. **તસ્વીરઃ સંજય શાહ**

આણંદ: પક્ષીની સુરક્ષા માટે કરુણા અભિયાનનો પ્રારંભ

જાહેર જનતાને ચાઇનીઝ દોરીનો ઉપયોગ ન કરવા નાયબ પશુપાલન નિયામકનો અનુરોધ

(પ્રતિનિધિ) આણંદ તા 13

ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગોત્સવ દરમિયાન ઘાયલ પક્ષીઓની ત્વરિત સારવાર માટે આણંદ જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામકના અધ્યક્ષપદ હેઠળ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાની તમામ પશુ સારવાર સંસ્થાઓને 'કરુણા અભિયાન' અંતર્ગત જરૂરી દવાઓ અને સાધનો સાથે સજ્જ રહેવા સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત વહીવટીતંત્ર દ્વારા જનતાને નમ્ર અપીલ કરવામાં આવી છે કે, માનવ જીવન અને અબોલ પશુ-પક્ષીઓ માટે જોખમી એવી પ્લાસ્ટિક (ચાઈનીઝ) કે વધુ કાચ પિવડાવેલી દોરીનો ઉપયોગ ન કરવો, કારણ કે સરકાર દ્વારા તેના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પક્ષીઓની વધુ અવર-જવરના સમયગાળા એટલે કે સવારે 8 વાગ્યા પહેલા અને સાંજે 5 કલાક પછી પતંગ ન ચગાવવા જોઈએ. જો કોઈ નાગરિકને ઘાયલ પક્ષી કે બીમાર પશુ જોવા મળે, તો તાત્કાલિક નજીકની પશુ હોસ્પિટલનો સંપર્ક કરવો અથવા હેલ્પલાઈન નંબર 1962 પર જાણ કરવી. આથી, નાગરિક જવાબદારીપૂર્વક તહેવાર ઉજવે તેવી અપીલ નાયબ પશુપાલન નિયામકે કરી છે.

નાવલી - દહેમી રોડ પર અંબિકા ફાર્મમાં ટ્રકમાંથી કારમાં દારૂ ઠલવાતો હતો ત્યારે જ SMC પહોંચી

આણંદ પાસે તમાકુના વાડામાં ચાલતા વિદેશી દારૂના કટિંગ પર પોલીસ ત્રાટકી

સ્ટેટ મોનીટરીંગ સેલે સાત શખસને પકડી પાડી 72 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદના નાવલી-દહેમી રોડ પર આવેલ એક તમાકુના વાડામાં દારૂના કટિંગની બાતમીના આધારે ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) ની ટીમે દરોડો પાડી મોટી સફળતા મેળવી છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે 19.23 લાખની કિંમતનો વિદેશી દારૂ અને વાહનો મળી કુલ 72,33,444 નો મુદ્દામાલ કબજે કર્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે, નાવલીથી દહેમી રોડ પર ભાડે રાખેલ તમાકુના વાડામાં દારૂનું કટિંગ થઈ રહ્યું છે. પોલીસે વ્યૂહરચના બનાવી રોડની સાઈડમાં વાહનો ઉભા રાખી અંબિકા ફાર્મ તરફ પગપાળા કૂચ કરી હતી. ફાર્મનો ગેટ ખુલ્લો હતો અને અંદર એક ટ્રક, એક્સયુવી (XUV) તથા અશોક લેલેન્ડ ટેમ્પો ઉભા હતા. કેટલાક માણસો ટ્રકમાંથી ખાખી પુઠાના બોક્સ નાની ફોર વ્હીલરમાં મૂકી રહ્યા હતા, જે સમયે પોલીસે તમામને કોર્ડન કરી લીધા હતા. પોલીસને જોઈને એક ઈસમ ભાગી છૂટ્યો હતો, જ્યારે ફાર્મ માલિક રાજેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ રમેશભાઈ પટેલ તબેલાની પાછળ છુપાયેલી હાલતમાં ઝડપાયો હતો.

પોલીસ તપાસમાં સ્થળ પરથી 8,417 નંગ બિયર ટીન મળી આવ્યા હતા, જેની કિંમત 19,23,740 થાય છે. આ ઉપરાંત, ટ્રક (MH-40-BL-6584), એક્સયુવી (GJ-01-RC-2004) અને ટેમ્પો (GJ-07-YZ) મળીને કુલ પોણા કરોડ જેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં આણંદ રૂરલ પોલીસ સ્ટેશનના અધિકારીઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં દારૂનો જથ્થો મગાવનારો મુખ્ય આરોપી બહાદુરસિંહ અમરસિંહ રાઠોડ (રહે. હાડગુડ), જથ્થો મોકલનાર રોહિતભાઈ (પાવન એન્ટરપ્રાઈઝ, વાપી) અને દારૂ ભરી આપનાર મોહમ્મદ નસીમખાન (રહે. નાગપુર, મહારાષ્ટ્ર) સહિતના શખસો વિરુદ્ધ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

નડિયાદમાં ઝઘડામાં વચ્ચે પડેલા યુવકને ધમકી આપી

મિશન રોડ પર સમાધાન કરાવવા ગયેલા પડોશી પર કેબલ વાયરથી હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ તા.13

નડિયાદના મિશન રોડ પર રામ તલાવડી પાસે બે ભાઈઓ વચ્ચે ચાલતા ઝઘડાને શાંત પાડવા વચ્ચે પડેલા એક વ્યક્તિને બંને ભાઈઓએ મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

નડિયાદ મિશન રોડ પર આવેલી રામ તલાવડી પાસે રહેતા ગોવિંદભાઈ સોમાભાઈ તળપદા ગત સાંજે પોતાના ખેતરેથી ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ગુરુદ્વારા પાસે નવઘણભાઈ શીવાભાઈ તળપદા અને અશોક શીવાભાઈ તળપદા નામના બે ભાઈઓ અંદરોઅંદર ઝઘડો કરી રહ્યા હતા. આ ઝઘડો જોઈને ગોવિંદભાઈ તેમને છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા.

જોકે, ઝઘડો શાંત થવાને બદલે બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગોવિંદભાઈને ગાળો આપવા લાગ્યા હતા. આટલું જ નહીં, અશોક તળપદાએ કેબલ વાયર વડે ગોવિંદભાઈને માર માર્યો હતો અને ગડદાપાટુથી હુમલો કર્યો હતો. હુમલો કરનાર ભાઈઓએ ધમકી આપી હતી કે, જો હવેથી અમારા ઝઘડામાં વચ્ચે પડીશ તો જાનથી મારી નાખીશું. આ બનાવ અંગે ગોવિંદભાઈ તળપદાએ ફરિયાદ નોંધાવતા નડિયાદ પશ્ચિમ પોલીસે નવઘણભાઈ અને અશોકભાઈ તળપદા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અખંડ ભારત અને સનાતન સંસ્કૃતિના મૂલ્યો વિદ્યાર્થીઓએ સમજાવ્યાં

સરસ્વતી વિદ્યાલય દ્વારા 'મેં હું આઝાદી આર્યાવર્ત કી' સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.13

ઉમરેઠમાં દેવકીનંદનાચાર્યજી સ્મારક નિધી ટ્રસ્ટ પ્રેરિત 'વિદ્યાભારતી' ગુજરાત પ્રદેશ સંલગ્ન જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય ઉમરેઠ દ્વારા રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે 'મેં હું આઝાદી આર્યાવર્ત કી' વિષય પર એક ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સંસ્કૃતિના ઉત્કૃષ્ટ મૂલ્યો, સનાતન જીવન પદ્ધતિ અને અખંડ ભારતની પરિકલ્પનાને ઉજાગર કરવાનો હતો.

આ સાંસ્કૃતિક મહોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ ભારતીય પરિધાન ધારણ કરી ગીતો પર આકર્ષક નૃત્ય રજૂ કર્યા હતા. આ કાર્યક્રમના ભાગરૂપે મુગલોથી લઈને અંગ્રેજ શાસન સુધીના ઈતિહાસ અને 'ઓપરેશન સિંદૂર' પર આધારિત એક પ્રભાવશાળી નાટક વિદ્યાર્થીની શ્રેયા ડબગર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ કાર્યક્રમને નિહાળવા માટે શાળાના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે તાલુકા વિકાસ અધિકારી વિકેશભાઈ જે. કાચવાલા, ચિરાગભાઈ શેઠ સહિતના મહાનુભાવોએ પ્રેરક હાજરી આપી હતી. જીવન જ્યોત ટ્રસ્ટના ચેરમેન ડૉ. મધુસુદન બી. ભગત અને સમગ્ર ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે વિદ્યાલયના આચાર્ય રાકેશ ગુરુજીએ તમામ આમંત્રિતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

તસવીરઃ ધનંજય શુકલ

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225